For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ૮૦ થી ૯૦ ટકા રકમ ચૂકવી દીધા છતાં ૪ વર્ષથી મકાન માટે ધક્કા

# નાથદ્વારા રેસિડેન્સીના બિલ્ડરો સામે રહીશોનો વિરોધ

**વાઘોડિયા રોડ પર** પ્રભાત સોસાયટી પાછળ આવેલી સ્કિમના ભાગીદારો વચ્ચે ડખો






(પ્રતિનિધિ) વડોદરા તા.27

શહેરના વાઘોડિયા રોડ પર આવેલી પ્રભાત સોસાયટી પાછળના વિસ્તારમાં અંદરોઅંદરના ભાગીદારી વિવાદ અને બિલ્ડરોની ઘોર બેદરકારીના કારણે સપનાનું ઘર ખરીદનારા સામાન્ય પરિવારો માટે મોટો સામાજિક અને આર્થિક સંકટ ઊભો થયો છે. વાઘોડિયા રોડ પર પ્રભાત સોસાયટી પાછળ સ્થિત 'નાથદ્વારા રેસિડેન્સી' નામના વિવાદિત હાઉસિંગ પ્રોજેક્ટમાં મકાનો બુક કરાવનારા ૧૦૦થી વધુ પરિવારજનોએ બિલ્ડરોની વચનભંગ નીતિ સામે આક્રોશ વ્યક્ત કરીને ઘટનાસ્થળે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને બિલ્ડર પ્રતિનિધિઓનો ઘેરાવો કરીને જવાબ માગ્યો હતો. આ સમગ્ર મામલાની વિગત એવી છે કે વર્ષ ૨૦૨૧માં શરૂ થયેલા આ પ્રોજેક્ટમાં ગ્રાહકોને વર્ષ ૨૦૨૨ કે ૨૦૨૪ સુધીમાં મકાનનો કબ્જો સોંપી દેવાની ખાતરી આપવામાં આવી હતી. આ વિશ્વાસ પર ગ્રાહકોએ પોતાની આજીવન કમાણી, સોનાના દાગીના વેચીને તથા બેંકોમાંથી મોંઘી લોન લઈને ૮૦ થી ૯૦ ટકા જેટલી મોટી રકમના ચૂકવણા કરી દીધા હતા. પરંતુ નિર્ધારિત સમયમર્યાદા વીતી ગયાના વર્ષો પછી પણ બાંધકામ અધૂરું રખાયું છે અને છેલ્લા છ મહિનાથી સાઈટ પર કામ સંપૂર્ણપણે ઠપ કરી દેવામાં આવ્યું છે. હાલ સ્થિતિ એ ઊભી થઈ છે કે પીડિત પરિવારો એક તરફ બેંકના ઈએમઆઈ ભરી રહ્યા છે અને બીજી તરફ દર મહિને મોંઘા ભાડા ચૂકવીને રહેવા મજબૂર બન્યા છે. કેટલાક રહીશો તો ડાયાલિસીસ અને કિડની જેવી ગંભીર બીમારીઓથી પીડાઈ રહ્યા છે, તેમ છતાં બિલ્ડરો તરફથી માત્ર ઠાલા આશ્વાસનો અને તારીખો જ મળી રહી છે. મુખ્ય બિલ્ડર કે વહીવટી ભાગીદારો ફોન ઉપાડવાનું બંધ કરી દેતાં આખરે આક્રોશિત ગ્રાહકો મીડિયાને સાથે રાખીને વાઘોડિયા રોડ પર પ્રભાત સોસાયટી પાછળ આવેલી સાઈટ પર પહોંચ્યા હતા. બીજી તરફ, સ્થળ પર હાજર રહેલા બિલ્ડર જૂથના ભાગીદારે ખુલાસો કર્યો હતો કે પ્રોજેક્ટમાં આશરે સાતથી આઠ ભાગીદારો સામેલ છે અને તેમની વચ્ચે નાણાકીય લેવડદેવડ અંગે આંતરિક મતભેદો ઊભા થયા છે. તેમણે દાવો કર્યો હતો કે રેરાની ચોપડે પ્રોજેક્ટ પૂર્ણ કરવાની મુદત ૨૦૨૮ સુધીની છે, પરંતુ જો ભાગીદારીનો વિવાદ ઉકેલાઈ જશે તો આગામી ચારથી પાંચ મહિનામાં કામ પૂરું કરીને મૌખિક રીતે કબ્જો આપવાનો પ્રયાસ કરાશે.

### કોન્ટ્રાક્ટરે નિયમોના ધજાગરા ઉડાડ્યા

# સરકારી કામકાજમાં ઘરેલુ ગેસ સિલિન્ડરનો ગેરકાયદે ઉપયોગ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરામાં સરકારી પ્રોજેક્ટ્સ અને વિવિધ વિકાસકામોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવતી ગંભીર બેદરકારી અને નિયમોના ઉલ્લંઘનનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરા શહેરમાં ચાલી રહેલા સરકારી કામકાજ દરમિયાન કાયદાકીય નિયમોને નેવે મૂકીને વાણિજ્યિક ગેસ સિલિન્ડરને બદલે ઘરેલુ ગેસ સિલિન્ડરનો બેફામ ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની વિગતો સપાટી પર આવી છે. સરકારી પ્રોજેક્ટમાં ચાલતા પાઈપલાઈન અને રેપિંગ-કોટિંગ જેવા તાંત્રિક કામકાજ દરમિયાન મોટા પાયે ઘરેલુ વપરાશ માટેના ગેસ સિલિન્ડરનો ઉપયોગ થતો ઝડપાયો છે. નિયમ મુજબ કોઈપણ પ્રકારના વ્યાવસાયિક કે સરકારી કામકાજ માટે કમર્શિયલ સિલિન્ડરનો જ ઉપયોગ કરવો ફરજિયાત હોય છે. પરંતુ, અહી સરકારી કામ કરી રહેલા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી કાયદાની ઉઘાડી છડેચોક અનાદર કરવામાં આવી રહ્યો છે. સ્થળ પર કામ કરી રહેલા કામદારોની પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થયા હતા. કર્મચારીઓએ જણાવ્યું હતું કે, તેઓ આ ઘરેલુ સિલિન્ડર બ્લેક માંથી ખરીદીને લાવે છે અને કોન્ટ્રાક્ટર દ્વારા જ તેમને આ પ્રકારના સિલિન્ડર પૂરા પાડવામાં આવે છે. એટલું જ નહીં, કર્મચારીઓએ કબૂલાત કરી હતી કે કોમર્શિયલ વપરાશ માટે ઘરેલુ ગેસ સિલિન્ડર વાપરવાની તેમની પાસે કોઈ સત્તાવાર સરકારી પરવાનગી નથી.



આ સમગ્ર ઘટનાથી સ્પષ્ટ થાય છે કે સરકારી યોજનાઓ અને પ્રોજેક્ટ્સમાં કોન્ટ્રાક્ટરો દ્વારા સસ્તા અને ગેરકાયદેસર રસ્તા અપનાવી રહ્યાં છે. એક તરફ સામાન્ય નાગરિકોને ઘરેલુ ગેસ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તો બીજી તરફ સરકારી કામકાજના નામે કાળાબજારીથી લાવેલા ઘરેલુ ગેસના સિલિન્ડરનો ખુલ્લેઆમ દુરુપયોગ થઈ રહ્યો છે.

### વાહન પાર્કિંગ અને જૂની અદાવતમાં ગાળાગાળી બાદ મારામારી

# ઓધવપુરામાં ગણેશોત્સવ દરમિયાન અથડામણ, સામસામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઓધવપુરા ગામમાં વહાણવટી માતાના મંદિર પાસે ગણપતિ વિસર્જન દરમિયાન બે જૂથો વચ્ચે થયેલી મારામારી મામલે પોલીસે સામસામે રાયોટિંગના બે ગુના નોંધ્યા છે. જેમાં સામ સામે 11 થી વધુ શખ્સોની અટકાયત કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. પ્રથમ ફરિયાદ ઓધવપુરા ગામમાં રહેતા યોગેશભાઈ વિઠ્ઠલભાઈ પરમારે નોંધાવી છે. ફરિયાદ મુજબ તા. 25 ના રોજ સાંજે 8.00 વાગ્યાના સુમારે ફરિયાદી તેમના મિત્રો સાથે ઓધવપુરા ગામ બહાર આવેલ વહાણવટી મંદિર પાસે હાજર હતા. તે વખતે ગામના બીજા ફળિયામાં રહેતા 11 શખ્સોએ ગાડી ઉભી રાખવા બાબતે ફરિયાદી તથા તેના મિત્રો સાથે બોલાચાલી કરી ગાળો બોલી હતી. બાદમાં બધા ભેગા મળી છુટા હાથે મુઢ મારી તેમજ લાતો મારી અને ફેટ મારી ઈજા પહોંચાડી હોવાનો આક્ષેપ છે. આ અંગે ગોરવા પોલીસે ગુનો નોંધ્યો છે. બીજી ફરિયાદ સચિન મહેશભાઈ સોલંકી (રહે. ઓધવપુરા આગલુ ફળિયું) એ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ તે જ દિવસે સાંજે 8.45 વાગ્યે વહાણવટી મંદિર પાસે





ફરિયાદી અને તેના સાઢુ હાજર હતા ત્યારે સામે પક્ષના 7 શખ્સોએ ગેરકાયદેસર મંડળી બનાવી ગાડી ખસેડવા જેવી સામાન્ય બાબતે અને જૂની અદાવત રાખી ઝપાઝપી કરી હતી. આરોપીઓએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દઈ લાતો મારી મુઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

### ગાજરાવાડીના રવિ ચુનારાની સંડોવણી

# મહારાષ્ટ્રના કોડીન સીરપ કેસમાં આરોપીને SOGએ દબોચ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

મહારાષ્ટ્રના નાસિક ગ્રામ્યના પવારવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને વડોદરા શહેર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ એસઓજીએ વાડી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ વડોદરા શહેરને નશામુક્ત કરવા અને નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા સઘન ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. આ ડ્રાઈવ દરમિયાન એસઓજીની ટીમને બાતમી મળી હતી કે મહારાષ્ટ્રના એનડીપીએસ કેસમાં વોન્ટેડ આરોપી રવિ ચુનારા હાલ વડોદરાના વાડી સોનીપોળ વિસ્તારમાં છુપાયો છે. બાતમીના આધારે વોચ ગોઠવી આરોપી રવિ કમલેશભાઈ ચુનારા રહે. ગાજરાવાડી, શિવનગર, વડોદરાને ઝડપી પાડી પૂછપરછ



કરવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું કે, તા. 26 ફેબ્રુઆરીના રોજ મહારાષ્ટ્રના પવારવાડી પોલીસ સ્ટેશને 1200 બોટલ નશાકારક કોડીન સીરપ કિંમત રૂ. 1.88 લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપ્યો હતો. આ ગુનામાં રવિ ચુનારાની સંડોવણી ખુલતા તે નાસતો ફરતો જાહેર થયો હતો. સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે આરોપીની કાયદેસર અટકાયત કરી વધુ કાર્યવાહી અર્થે મહારાષ્ટ્ર પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી.

### જમતી વખતે

# ખોરાકમાં કાચનો ટુકડો આવતા ગળામાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭

શહેરના સલાટવાડા વિસ્તારમાં રહેતા એક યુવાન સાથે ખાવા-પીવાની ચીજવસ્તુઓની ગુણવત્તા સામે ગંભીર સવાલ ઊભો કરતી એક ચકચારી ઘટના સામે આવી છે. સલાટવાડાના બારોટ મહોલ્લામાં રહેતા ૨૯ વર્ષીય પાર્થ હરીશ બારોટ જ્યારે ઘરે જમી રહ્યા હતા, ત્યારે અચાનક ખોરાકમાં કાચનો એક ટુકડો આવી ગયો હતો. આ કાચનો ટુકડો અજાણતાં જ ગળી જવાના કારણે અથવા ગળામાં અટવાઈ જવાના લીધે તેમને ગળાના ભાગે દુખાવો શરૂ થયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પરિવારજનો દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા હતા અને યુવાનને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.ડોક્ટરોની ટીમ દ્વારા તેમના ગળાની યોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવી રહી છે.

### જવાહરનગર અને ગોરવામાં તસ્કરો ત્રાટક્યા

# શહેરમાં બે ઘરફોડની ઘટના, લાખોની માલમતાની તસ્કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બે અલગ-અલગ બનાવો નોંધાયા છે. પ્રથમ બનાવ જવાહરનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બન્યો છે.

ફરિયાદી સોનલબેન અનિલકુમાર પટેલ રહે. બી/48, જીવાભાઈ પાર્ક-02, ઉંડેરા ગામના જણાવ્યા મુજબ કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના મકાનના દરવાજાનું લોક તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરના કબાટમાં મુકેલ આશરે રૂ. 35,000 રોકડા, ગિફ્ટમાં આવેલ ચાંદીની ભગવાન શંકર-પાર્વતીની મૂર્તિ અને ચાંદીના બે નંગ સહિત કુલ રૂ. 59,000 ની માલમતા તથા ફરિયાદીના નામનો પાસપોર્ટ નં. S9382730 જે તા.05/02/2028 સુધી વેલીડ છે, તેની ચોરી થઈ છે. આ અંગે જવાહરનગર પોલીસે ગુનો નોંધ્યો છે. બીજો બનાવ ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો છે. ફરિયાદી સુનિલ બિપીનભાઈ ભટ્ટ (રહે. મ.નં.302 સ્પિનલ રેસિડેન્સી, શિવમ પાર્ટી પ્લોટની બાજુમાં, સમા સાવલી રોડ) ની ફરિયાદ મુજબ તા.26 ના રાત્રિના સમયે ઈલોરા પાર્ક, અમૃતકુંજ સોસાયટી ખાતે આવેલા તેમના સાઢુભાઈ દેવર્ષિ પરાસર શાહના મકાનમાં કોઈ ચોર ઈસમે પ્રવેશ કરી ચોરી કરી હતી.

ચોર ચાંદીના વાસણો, 1 નંગ ડાયમંડ સાથેનું સોનાનું પેંડલ, મોતી તથા મોતીનો હાર સોનાના પેંડલ દોરી વાળો, ગણેશજીની ચાંદીની પોલીશ ચઢાવેલ ફ્રેમ, 50 રૂ. લેખેલો ચાંદીનો સિક્કો, ત્રણ જોડ ચાંદીની પાયલ, ચાંદીના ફુલ અને રોકડ રૂ. 8000 મળી કુલ રૂ. 1,92,500 ની માલમતા ચોરી ગયો છે.

### બાળકીનો પરિવાર સાથે મિલન કરાવાયો

# લગ્નના ઈરાદે અપહરણ કરી નાલા સોપારા ભાગેલો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

પ્રાપ્ત વિગત મુજબ ગત તા. 20 ના રોજ રાત્રે 10.30 વાગ્યાના સુમારે મકાન નં. 641, બ્લોક નં.8, અંકુરપાર્ક હાઉસિંગ બોર્ડ, સમતા પોલીસ ચોકી પાસે, સમતા, વડોદરા ખાતેથી સગીરવયની બાળકીનું કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી લઈ ગયેલ હતો. આ અંગે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન ખાતે તા.21 ના રોજ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક બાળકી અને આરોપીને શોધી કાઢવા સૂચના આપી હતી. જેના પગલે લક્ષ્મીપુરા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસના આધારે તપાસ શરૂ કરી હતી. જિલ્લાના તમામ પોસ્ટે



તપાસમાં રહેવા ગ્રુપ મેસેજ કરવામાં આવ્યો હતો. બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, સીટી બસ સ્ટેશન, બગીચા, મોલ, ખાણીપીણીની જગ્યા સહિત અનેક સ્થળોએ તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે સદરી બાળકીને એક ઈસમ નામે અંકુલ યાદવ લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી નાલા સોપારા, વસઈ, મહારાષ્ટ્ર ખાતે લઈ ગયો છે. આ માહિતીના આધારે ત્યાં તપાસ કરતા પોલીસ ટીમે સદરી અપહૃત બાળકી અને આરોપીને શોધી કાઢી કાર્યવાહી હાથ ધરી છે.

### સ્માર્ટ સિટી વડોદરામાં ભીમનાથ બ્રિજ તરફનો રોડ ફરી વિવાદમાં

# નવો બનાવેલો રસ્તો બિસમાર બનતાં વાહનચાલકો ત્રાહિમામ પોકાર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

સંસ્કારી નગરી અને સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં ભીમનાથ બ્રિજ તરફ જતો રસ્તો ફરી એકવાર ભારે વિવાદમાં આવ્યો છે. કોર્પોરેશનના અધિકારીઓ અને ઈજારદારની લાલિયાવાડી તથા નબળી કામગીરીને કારણે આ નવાનકોર રસ્તાની હાલત અત્યંત ખસ્તાહાલ બની ગઈ છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, આ માર્ગ પર અગાઉ વરસાદી ગટર નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વરસાદી ગટરનું કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું નવું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, કામગીરી પૂર્ણ થયાના ટૂંક જ સમયમાં આ રોડ પર વારંવાર નાના-મોટા ખાડાઓ પડવા તેમજ ભૂવા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. તંત્ર દ્વારા આ રસ્તાનું કાયમી અને યોગ્ય સમારકામ કરવાને બદલે માત્ર થીગડાં મારીને સંતોષ માનવામાં આવી રહ્યો છે. રસ્તા પરથી પસાર થતાં હજારો વાહનચાલકોને દરરોજ અકસ્માતનો ભય સતાવી રહ્યો છે અને અગવડતાઓનો



સામનો કરવો પડી રહ્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્રના અધિકારીઓના પેટનું પાણી હલતું નથી, જેનાથી એવું લાગી રહ્યું છે કે અધિકારીઓ ઈજારદાર પર મહેરબાન હોય કે આફરીન થઈ ગયા હોય! આ પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્થાનિકો અને વાહનચાલકો દ્વારા માંગ કરવામાં આવી છે કે મ્યુનિસિપલ કમિશનર જાતે આ બાબતે ગંભીરતાથી નોંધ લે અને તાત્કાલિક ધોરણે ઘટતું કરે. લોકોની સુવિધા માટે આ રોડનું યોગ્ય રીતે પુનઃનિર્માણ કરવામાં આવે અને નબળું કામ કરનાર ઈજારદાર સામે કડકમાં કડક કાનૂની કે દંડાત્મક પગલાં ભરવામાં આવે તેવી લોકમાંગ છે.

### વડોદરા રેલવે મંડલનો અનુરોધ, મુસાફરો નજીકના સ્ટેશનનો ઉપયોગ કરે

# 28 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર સુધી 6 ટ્રેનોને ઉત્રાણમાં સ્ટોપેજ નહીં મળે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા મંડલના સુરત-વડોદરા સેક્શનના અતિ વ્યસ્ત ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આ અંતર્ગત યાર્ડ રિમોડેલિંગ અને નવી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમનું કામ તા. 28 સપ્ટેમ્બર 2026થી શરૂ થવા જઈ રહ્યું છે. રેલવે તંત્રના જણાવ્યા મુજબ, આ કામ દરમિયાન ઉત્રાણ સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મને હંગામી ધોરણે ડિસ્મેન્ટલ કરવાનું રહેશે. મુસાફરોની સુરક્ષા અને ટ્રેનોના સરળ પરિચાલનને ધ્યાને રાખી તા. 28 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર 2026 સુધી ઉત્રાણ સ્ટેશન પર નીચે મુજબની 6 પેસેન્જર અને મેમુ ટ્રેનોનો હંગામી ધોરણે હોલ્ટ રદ કરવામાં આવ્યો છે. ટ્રેન નં. 59049 વલસાડ-વડોદરા પેસેન્જર, ટ્રેન નં. 19101 વિરાર-ભરૂચ એક્સપ્રેસ, ટ્રેન નં. 69109 સુરત-વડોદરા મેમુ, ટ્રેન નં. 69111 સુરત-વડોદરા મેમુ, ટ્રેન નં. 69171 સુરત-ભરૂચ મેમુ, ટ્રેન નં. 19417 બોરીવલી-વટવા એક્સપ્રેસનો સમાવેશ થાય છે. વડોદરા મંડલના રેલ પ્રશાસને વડોદરા-સુરત વચ્ચે અપ-ડાઉન કરતા દૈનિક મુસાફરોને વિનંતી કરી છે કે, ઉપરોક્ત સમયગાળા દરમિયાન યાત્રાનું આયોજન કરતી વખતે ઉત્રાણ સ્ટેશને આ ટ્રેનોના સ્ટોપેજ રદની નોંધ લે અને નજીકના સુરત, કોસાડ કે નિયોલ જેવા સ્ટેશનોથી મુસાફરીનું પ્લાનિંગ કરે. ઉત્રાણ સ્ટેશનના સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકાસ અને નવી ઈઆઈ સિસ્ટમથી સ્ટેશનની પરિચાલન ક્ષમતા વધશે, ટ્રેનોની સમયબદ્ધતા સુધરશે અને ભવિષ્યમાં વધનારા ટ્રાફિકના ભારણને પહોંચી વળવા વડોદરા મંડલ સક્ષમ બનશે.

### પ્રેમ સંબંધમાં

# અદાવત,યુવક પર પથ્થર વડે હુમલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ફરિયાદી રેખાબેન અશોકભાઈ માળી (રહે. માળી મહોલ્લો, ભાથીજી મંદિર પાસે, ગોરવા) ના પુત્ર રવિભાઈ (ઉં. 30) ને તેમના ઘરની પાછળની ગલીમાં રહેતી તુલસીબેન સાથે છેલ્લા 6-7 વર્ષથી પ્રેમ સંબંધ છે. તુલસીબેન રવિભાઈ સાથે લગ્ન કરવાની વાત કરતી હોય પરંતુ તેના પરિવારજનો ના પાડતા હોય આ બાબતની અદાવત ચાલતી હતી. ફરિયાદ મુજબ ગત તા. 26 ના રોજ રાત્રે 9.15 વાગ્યાના સુમારે આરોપી દિનુભાઈ માળી અને ક્રિષ્ના માળી (બંને રહે. માળી મહોલ્લો) ફરિયાદીના ઘરે આવી તારા ટાંટિયા તોડી નાખીશ, તારા દિકરાને કહેજે કે મારી દિકરીને છોડી દે કહી ધમકી આપવા લાગ્યા હતા. ત્યારબાદ બહાર બુમાબુમ થતા ફરિયાદી ઘરની બહાર નીકળ્યા ત્યારે બંને આરોપીઓએ તેમના પુત્રને માથાના ભાગે, આંખના ભાગે અને નાકના ભાગે પથ્થર મારી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો આક્ષેપ છે.

### CDMમાં કેશ ભરવા આવેલા લોકોને ટાર્ગેટ કરતો હતો

# ઓનલાઈન પેમેન્ટના નામે ચુનો ચોપડતો ઠગ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ગોરવા વિસ્તારમાં CDM મશીન પર રોકડ જમા કરાવવા આવતા લોકોને વિશ્વાસમાં લઈ ઓનલાઈન પેમેન્ટ કરવાના બહાને રોકડ રકમ પડાવી લેવાની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. આરોપી રોકડ મેળવી લીધા બાદ મોબાઈલમાં ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાનો ખોટો સ્ક્રીનશોટ બતાવતો હતો અને ત્યારબાદ ત્યાંથી નીકળી જતો હતો. ઘટનાની તપાસ દરમિયાન ગોરવા પોલીસે બનાવના સ્થળ તથા આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા સ્થાનિક CCTV કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. CCTV ફૂટેજ ઉપરાંત ટેકનિકલ સોર્સ અને બાતમીદારો પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસને આરોપી અંગે મહત્વની કડી મળી હતી.



મળેલી બાતમીના આધારે પોલીસે અમરકર શોરૂમ સામે આવેલી ગલીમાં બોક્સ ક્રિકેટના ગેટ પાસે ઉભેલા શખ્સને ઝડપી પાડ્યો હતો. તેને ગોરવા પોલીસ સ્ટેશન ખાતે લાવી સઘન પૂછપરછ કરતાં તેણે બે વ્યક્તિઓ સાથે આ જ મોડસ ઓપરેન્ડીથી ઠગાઈ કરી હોવાની કબૂલાત કરી હતી. ગોરવા પોલીસે આરોપી પાસેથી ઠગાઈમાં મેળવેલા રૂ.15 હજાર ઉપરાંતના રોકડા કબજે કર્યા હતા. આરોપીની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વોટ ચોરીના આક્ષેપ સાથે ડેરીડન સર્કલ પર યુથ કોંગ્રેસના આક્રમક દેખાવો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ચૂંટણી પ્રક્રિયામાં મોટા પાયે "વોટ ચોરી" થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિપક્ષ દ્વારા આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે શહેરના ડેરીડન સર્કલ ખાતે યુથ કોંગ્રેસ દ્વારા ભારે સૂત્રોચ્ચાર સાથે દેખાવો યોજાયા હતા. આ પ્રદર્શનમાં ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખ ડો. પ્રવીણસિંહ વણોલ અને શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ પવન ગુપ્તાની આગેવાનીમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. યુથ કોંગ્રેસે મુખ્ય ચૂંટણી કમિશનર તાત્કાલિક રાજીનામું આપે તેવી સ્પષ્ટ માંગ કરી હતી. દેખાવકારોએ "વોટ ચોરી બંધ કરો" અને "જ્ઞાનેશ કુમાર રાજીનામું આપો"ના બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો.

### સંસ્કૃતિ ક્લાસિકા પાસે સાંજના સમયે લૂંટ

# અટલાદરામાં મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બાઈક સવાર બે શખ્સો ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

અટલાદરા વિસ્તારમાં ચેઈન સ્નેચિંગની ઘટના સામે આવી છે. ફરિયાદી મધુબેન હીરાભાઈ પરમાર (રહે. ડી/22 પ્રમુખ આનંદ સોસાયટી, વૃંદાવન સોસાયટીની સામે, અટલાદરા) તા.26ના રોજ સાંજે 7.15 વાગ્યાના સુમારે વ્રજધામ સોસાયટીમાંથી ચાલતા પોતાના ઘરે જઈ રહ્યા હતા.

ત્યારે સંસ્કૃતિ ક્લાસીસના દરવાજા આગળ, પ્રમુખ આનંદ સોસાયટીના દરવાજા બાજુમાં રોડ ઉપર એક કાળા કલરના મોટરસાયકલ ઉપર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમને આંતર્યા હતા. ફરિયાદ મુજબ મોટરસાયકલ પાછળ બેઠેલો ઈસમ, જેણે શરીરે લાલ કલરનું આખી બાંયનું શર્ટ, સફેદ કલરનું પેન્ટ અને માથે કાળા કલરની ટોપી પહેરી



હતી, તેણે ફરિયાદીના ગળામાંથી 13.130 ગ્રામ વજનની સોનાની ચેઈન કિં. રૂ. 98,300 ની અચાનક જોરથી ખેંચી લીધી હતી. ચેઈન લૂંટ્યા બાદ બંને અજાણ્યા ઈસમો કાળા કલરની મોટરસાયકલ પર બેસી દીપ પાર્ટી પ્લોટ ત્રણ રસ્તા તરફ નાસી ગયા હતા. આ અંગે અટલાદરા પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા બાઈક સવારો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોરવા પોલીસે બે આરોપી ઝડપી પાડી રૂ.૧.૬૨ લાખનો ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

રાત્રિના અંધકારનો લાભ લઈ ઘરફોડ ચોરી કરી ફરાર થયેલા બે શખ્સોને ગોરવા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે CCTV ફૂટેજ, ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી આરોપીઓનું પગેરું મેળવ્યું હતું. બંને શખ્સો ચોરીનો મુદ્દામાલ થેલામાં લઈ તેને વેચવા માટે રિક્ષાની રાહ જોઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને ઝડપી લીધા હતા. તેમની પાસેથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.1.62 લાખનો 100 ટકા મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ગોરવા પોલીસ સ્ટેશનમાં તા.26 સપ્ટેમ્બરના રોજ ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો. ગુનાની તપાસ દરમિયાન પીઆઈ કે.એન. લાઠિયાએ અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓ તથા ચોરીના મુદ્દામાલની શોધખોળ હાથ ધરી હતી.

### રેલવે તંત્રએ જાહેરનામું બહાર પાડ્યુ

# નંદેસરી-વાસદ વચ્ચેનો રેલવે ફાટક નંબર-દસ ૨૪૫ દિવસ માટે બંધ

કલેક્ટર વડોદરા, ગ્રામ્ય પોલીસ અધિક્ષક વડોદરા અને એસટી વિભાગને જાણ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા નજીકથી પસાર થતી આણંદ-વડોદરા રેલ લાઈન પરના મહત્વના ફાટક અંગે ભારતીય રેલવેના આણંદ ડિવિઝન દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા કલેક્ટર વડોદરા, ગ્રામ્ય પોલીસ અધિક્ષક વડોદરા અને એસટી વિભાગને જાણ કરવામાં આવી હતી. વડોદરાના નંદેસરી-વાસદ વચ્ચે આવેલો રેલવે ફાટક નંબર 245 (કી.મી. 410/28 થી 410/30) તેના અગત્યના સમારકામ હેતુ 10 દિવસ માટે સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય



લેવાયો છે. આ અંગે સીનીયર સેક્શન એન્જીનીયર (રે.પ. પ્રથમ) આણંદ દ્વારા જિલ્લા કલેક્ટર વડોદરા, ગ્રામ્ય પોલીસ અધિક્ષક વડોદરા અને એસટી વિભાગ વડોદરાને લેખિતમાં જાણ કરવામાં આવી છે. જે મુજબ, તા. 02 ઓક્ટોબર 2026 ના રોજ સવારે 08:00 વાગ્યાથી તા. 11 ઓક્ટોબર 2026 રાત્રે 06:00 વાગ્યા સુધી આ ફાટક વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે.